# ગાંધીનગરના માર્ગો પર અમર્યાદ ગતિએ દોડતાં વાહનો

## ઘ-૧ પાસે એક જીપ ડાલું ડીવાઇડરની જાળી તોડીને અંદર ઘુસી ગયું : સ્પીડમાં દોડતા વાહનોને દંડના ઇ-મેમો પણ ફટકારાય છે છતાં વાહનોની ગતિ મર્યાદા પર અંકુશ આવતો નથી

ગાંધીનગર તા.૦૭

ગુજરાતના સ્માર્ટ પાટનગર ગાંધીનગરના રાજમાર્ગો પર બેફામ ગતિએ વાહન હંકારવાની બદી નિયંત્રણમાં નથી આવી રહી. છાશવારે શહેરમાં મુખ્યમાર્ગો પર અમર્યાદ ગતિથી દોડતાં વાહનો ચાર રસ્તા વચ્ચે બનાવાયેલા સર્કલોને અથડાવાના કે ડિવાઈડર પર ચઢી જવાના કિસ્સાં સર્જાતા રહે છે જેના કારણે અત્યારે શહેરના અનેક સર્કલોને તેમજ રોડ વચ્ચેના ડિવાઈડરને નુકસાન થયેલું જોવા મળી રહ્યું છે. ગઈ રાત્રે શહેરના ઘ-૧ નજીક એક ડાલુ જીપ ડિવાઈડરની બંને તરફથી લગાવવામાં આવેલી જાળીને એક સાઈડથી તોડીને ડિવાઈડરની વચ્ચે ઘુસી જવા પામ્યું હતું.



ગાંધીનગરના પહોળા અને લીસા માર્ગો ઉપર વાહનો અમર્યાદિત ગતિએ જતા હોવાનું વખતોવખત જોવા મળે છે. આટલી ઝડપે જતા વાહનોને વચ્ચે કોઈ કૂતરો, ગાય કે મનુષ્ય આવી જાય તો પણ આ લોકો બ્રેક મારવાની દરકાર કરતા નથી. આ વાહનચાલકો સામે કાયદાકીય રીતે પગલાં ભરવા માટે સ્પીડ નિયંત્રક વાળી સામગ્રી લાવવાનું જિલ્લા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે જોકે હજુ સુધી આ બાબતે કોઈ કામગીરી થઈ હોય તેવું ફલિત થતું નથી કારણકે આવી અમર્યાદિત ઝડપે જતા વાહનોની સંખ્યા હજુ પણ ઓછી થતી નથી ગઈ રાત્રે આવો જ એક બનાવ બનવા પામ્યો હતો શહેરના ઘ-૧ નજીક ડીવાઈડર ઉપર એક ડાલુ જીપ ઝડપાઈ જવા પામી હતી ડિવાઈડરની બંને તરફથી લગાવવામાં આવેલી જાળીને એક સાઈડથી તોડીને આ ડાલુ ડિવાઈડરની વચ્ચે ઘુસી ગયું હોવાનું જોવા મળી રહ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં માર્ગો પર ૬૦ કિમીની ગતિમર્યાદા લાગુ કરવામાં આવેલી છે અને તેથી વધારે સ્પીડમાં દોડતા વાહનોને દંડના ઈ-મેમો પણ મળી રહ્યાં છે તેમ છતાં શહેરના પહોળા માર્ગોને કારણે વાહનચાલકો પોતાના વાહનની ઝડપ વધારી દેવાની લાલચ રોકી શકતા નથી તે સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

# આખરે, ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન અસિત વોરાનું રાજીનામું

## અન્ય બોર્ડ-નિગમોના હોદ્દેદારોના પણ રાજીનામાં : આઇ.કે.જાડેજા, બળવંતસિંહ રાજપૂત, મુળુભાઈ બેરા, હંસરાજ ગજેરાએ આપ્યું રાજીનામું

ગાંધીનગર તા.૦૭

આજે ગાંધીનગરમાં ફરી એકવાર રાજીનામા આપવાનો સિલસીલો ચાલ્યો હતો જેમાં તાજેતરમાં સૌથી ચર્ચાસ્પદ બનેલા ગૌણ સેવા પસંદગી મંડળના અસિત વોરાએ ચેરમેન પદેથી રાજીનામું આપ્યું હતું. આ ઉપરાંત રાજ્ય સરકારની ૫૦ મુદ્દા અમલીકરણ સમિતિના ચેરમેન આઈ.કે.જાડેજા, જીઆઈડીસીના ચેરમેનર બળવંતસિંહ રાજપૂત, ગ્રામ આવાસ નિગમના ચેરમેન મુળુભાઈ બેરા, બિન અનામત આયોગના ચેરમેન હંસરાજ ગજેરા તેમજ વાઈસ ચેરમેન રશ્મિભાઈ પંડયાએ રાજીનામાં આપ્યાં હતાં.

તાજેતરમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલી હેડ કલાર્કની ભરતી માટેની પરીક્ષાનું પેપર ફૂટ્યા બાદ યુવા આંદોલનકારી અને આમ આદમી પાર્ટીના નેતા યુવરાજસિંહ જાડેજા દ્વારા મંડળના ચેરમેન અસિત વોરાના રાજીનામાની ઉગ્ર માંગ કરવામાં આવી હતી. એક તબ્બકે યુવરાજસિંહ દ્વારા અસિત વોરાના રાજીનામા માટે આપવામાં આવેલા ૭૨ કલાકના અલ્ટિમેટમ બાદ આપ પાર્ટી દ્વારા ભાજપના પ્રદેશ કાર્યાલય પર ઘેરાવ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં બંને પક્ષના કાર્યકરો વચ્ચે ઝપાઝપી સહિતનું ઘમાસાણ મચ્યું હતું અને બંને પક્ષે સામસામા આક્ષેપો ઉપરાંત આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવી સહિતના નેતાઓ-કાર્યકરો વિરુદ્ધ પોલીસ કાર્યવાહી થવા પામી હતી. આ પછી પણ યુવરાજસિંહ આણી મંડળીએ અલગથી પોતાની લડત ચાલુ રાખી હતી અને ભરતી પરીક્ષાઓમાં ગેરરીતિ અંગેના પુરાવા જાહેર કરવામાં આવ્યાં હતા. જોકે હેડ ક્લાર્કની પરીક્ષામાં ગેરરીતિ બહાર આવ્યાની ઘટનાના છેક બે મહિના બાદ અસિત વોરાએ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું છે. તમામ બોર્ડ-નિગમના ખાલી પડેલા પદો પર પુનઃ નિયુક્તિઓ આગામી ટૂંકા ગાળામાં થશે તેવું જાણવા મળી રહ્યું છે.









## ‘આપ’ કાર્યકરોએ ગૌણ સેવાની કચેરી પાસે ફટાકડાં ફોડ્યાં..!!

આખરે ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન અસિત વોરાના રાજીનામાં સાથે આમ આદમી પાર્ટી ગેલમાં આવી ગઈ છે અને રાજ્યભરમાં ફટાકડા ફોડીને મીઠાઈ વહેંચી ઉજવણી કરવામાં આવી રહી છે. ગાંધીનગરમાં આજે આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા ગૌણ સેવા પસંદગી મંડળની કચેરી આગળ ફટાકડા ફોડીને ઉજવણી કરવામાં આવી હતી જ્યારે માણસા ખાતે પણ આપના કાર્યકરોએ ફટાકડા ફોડી મીઠાઈ વહેંચી ઉજવણી કરી હતી.



આમ આદમી પાર્ટીના નગરસેવક તુષારભાઈ પરીખે વોર્ડ નં. ૬ની મુલાકાત લીધી હતી. નગરજનોના લાભાર્થે ગ્રાન્ટ કયા કામમાં વાપરવી તે અંગે વોર્ડના રહીશો સાથે તેઓએ ચર્ચા કરી હતી.

## રાજ્યમાં કોરોનાના નવા ૨૯૦૯ કેસ

રાજ્યમાં કોરોનાના ૨૯૦૯ કેસ નોંધાયા છે. કોરોનાના કેસોમાં તબક્કાવાર ઘટાડો થઈ રહ્યો છે. તો બીજી તરફ ૮૮૬૨ દર્દીઓ રિકવર થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૧,૫૩,૮૧૮ દર્દીઓ રિકવર થઈ ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ ૯૫.૯૦ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ કોરોનાના રસીકરણ મુદ્દે સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૨,૭૦,૮૯૦ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે. બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૩૮૬૪૪ દર્દી રિકવર થઈ ચુક્યાં છે. ૨૧૫ નાગરિકો વેન્ટિલેટર પર છે. ૩૮૪૨૯ નાગરિકો સ્ટેબલ છે. ૧૧૫૩૮૧૮ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. ૧૦૬૮૮ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૨૧ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. હેલ્થકેર વર્કર અને ફ્ન્ટલાઈન વર્કર પૈકી ૧૪ ને પ્રથમ અને ૩૬૭ ને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૪૦૭૭ ને પ્રથમ અને ૮૪૭૮ ને પ્રથમ અને ૧૯૩૯૬ ને બીજો ડોઝ અપાયો હતો.

## કલેક્ટર કચેરીમાં જ કોંગી કાર્યકરોએ સૂત્રોચ્ચાર કર્યો

# સરકારી કચેરીઓ ભાજપના કાર્યાલય બન્યા છે : જગદીશ ઠાકોર

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં આજે કોંગ્રેસ દ્વારા કોવિડ-૧૯માં મૃતકોને સહાય રૂ. ચાર લાખ આપવાની માંગણી સાથે ન્યાયયાત્રા યોજવામાં આવી હતી.

કલેકટર કચેરી ખાતે આવેદનપત્ર આપવા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખની આગેવાનીમાં કોંગ્રેસ આગેવાનો ગયા હતા. કલેકટરશ્રીએ આવેદન પત્ર સ્વીકારી ઉતાવળીયુ વલણ અખત્યાર કરતાં પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર સહિતના આગેવાનો ઉશ્કેરાઈ ગયા હતા અને “રાજકોટ વાલી કરોગે...” તેમ કહી કલેક્ટર તેરી દાદાગીરી નહિ ચલેગીનો સૂત્રોચ્ચાર કર્યો હતો.

આ અંગે પત્રકારો સાથેની વાતચીતમાં જગદીશ ઠાકોરે તંત્રના અધિકારીઓ પર આક્ષેપ કરતાં જણાવ્યુ હતુ કે સરકારી કચેરીઓ હવે ભાજપના કાર્યાલયો બની રહ્યા છે. તેમણે કહ્યુ કે ધારાસભ્યો અને પ્રદેશ પ્રમુખ હોય તો વિવેક ખાતર પણ બે થી ત્રણ મિનિટ સાંભળવા જોઈએ પરંતુ “લાવો આવેદનપત્ર



આપવુ છે ને - બસ.” આવુ વલણ યોગ્ય નથી. જો અધિકારીઓના આ વલણમાં બદલાવ નહિ આવે તો આગામી દિવસોમાં કોંગ્રેસ દ્વારા આવી કચેરીઓને ભાજપના કાર્યાલય તરીકેનું નામાંકન કરવાનો કાર્યક્રમ આપવો પડશે.

આજે કોંગ્રેસ દ્વારા કોવિડ મૃતકોને રૂ. ૪ લાખની સહાય સરકારે ચુકવવી જોઈએ તે માંગ સાથે ન્યાયયાત્રા યોજી હતી. સત્યાગ્રહ છાવણીથી કલેકટર કચેરી સુધી પદયાત્રા કરી આગેવાનો ત્યાં પહોંચ્યા હતા. કોંગ્રેસ કાર્યકરોએ આજે ભારે સૂત્રોચ્ચાર કર્યો હતો.

ઠાકોરે જણાવ્યુ હતુ કે મૃતકોને રૂ. ૫૦ હજાર સહાય ચુકવવામાં આવે છે તે ઓછી છે અને અમે રૂ. ૪ લાખની સહાય આપવાની માંગ કરી છે.

# શાળાઓ શરૂ થઈ ગઈ પણ વિદ્યાર્થીની હાજરી માત્ર ૨૦%

## પહેલો દિવસ હોવાના લીધે હાજરી ઓછી હોઈ શકે છે : કોરોનાના કેસમાં ઘટાડો થતા ફરી ધોરણ ૧થી ૮નું પ્રાથમિક શિક્ષણ અને ધોરણ ૯માં ઓફલાઇન શિક્ષણ શરૂ થયું છે

ગાંધીનગર,તા.૭

કોરોનાના કેસમાં ઘટાડો થતા ફરી એકવાર આજથી ધોરણ ૧થી ૮નું પ્રાથમિક શિક્ષણ અને ધોરણ ૯માં ઓફલાઈન શિક્ષણ શરૂ થયું છે. જોકે, શાળાઓ તો શરૂ થઈ પરંતુ વિધાર્થીઓની પાંખી હાજરી ક્યાંકને ક્યાંક ઉડીને આંખે વળગી રહી છે. કેસ ઘટી રહ્યા છે છતાં શાળા શરૂ થયાના પહેલા દિવસે વિધાર્થીઓની માત્ર ૨૦ ટકા જ હાજરી જોવા મળી છે. જે માટે કેટલાક કારણો જવાબદાર માનવામાં આવી રહ્યા છે. કોરોના કાળમાં સૌથી વધુ જો અસર થઈ હોય તો તે શિક્ષણ ક્ષેત્રને છે. ખાસ કરીને પ્રાયમરી એજ્યુકેશન સૌથી વધુ અસર જોવા મળી છે. કોરોનાની ત્રીજી લહેર બાદ એક મહિનો શાળાઓ બંધ રહી. ફરી કેસ ઘટતા શાળાઓ શરૂ થઈ પણ વિધાર્થીઓની હાજરી માત્ર ૨૦ ટકા જોવા મળી છે. આ મામલે રાણીપની નિશાન સ્કૂલના પ્રિન્સીપાલ જણાવે છે કે, આ માટે કેટલાક કારણો જવાબદાર છે. એક તો એ છે કે, સરકાર દ્વારા શનિવારે શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ અંગેની જાહેરાત કરવામાં આવી જેના કારણે વિધાર્થીઓ સુધી હજુ સૂચનાઓ પહોંચી નથી. તેમણે વધુમાં જણાવ્યું કે, બીજું કારણ એ કે આ પહેલો દિવસ છે એટલે પહેલા દિવસે સ્વાભાવિક રીતે વિધાર્થીઓ ઓછા હાજર રહેવાના. ત્રીજું એક કારણ એ પણ છે કે, હજુ નાના બાળકોનું વેકસીનેશન થયું નથી એટલે વાલીઓમાં પણ ચિંતા જરૂરથી છે. આ ઉપરાંત કારણો જોવા જઈએ તો સરકાર દ્વારા ઓનલાઈન શિક્ષણનો વિકલ્પ ખુલ્લો રાખ્યો છે. જેથી વાલીઓ વેઈટ એન્ડ વોચ કન્ડિશનમાં છે કે ,હજુ થોડા દિવસમાં શાળામાં વિધાર્થીઓની સંખ્યા વધે ઓછી બાળકને શાળાએ મોકલીશુ. તેમજ હાલમાં લગ્નસરાની મૌસમ પણ ચાલી રહી છે એટલે તેના કારણે પણ શાળામાં બાળકોની હાજરી ઓછી જોવા મળી રહી છે. મહત્વનું છે કે, કોરોનાની બીજી લહેર બાદ પણ શાળાઓમાં વિધાર્થીઓની સંખ્યામાં ૩૫થી ૪૦ ટકા ઘટાડો જોવા મળ્યો હતો. ત્યારે ત્રીજીલહેર બાદ હવે શાળાઓ શરૂ થઈ છે પણ વિધાર્થીઓને હજુ રૂટિન લાઈફમાં આવતા હજુ થોડો સમય લાગશે. જોકે સંચાલકોનું માનવું છે કે, ૧૦-૧૫ દિવસ બાદ વિધાર્થીઓની હાજરી વધારો દેખાશે.



## પાર્કીંગ પ્લેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સિટીની જેમ ટ્રાફિક જોવા મળે છે. જયારે મુખ્યમાર્ગો પર સિગ્નલો પણ જબુકતા થઈ ગયા છે. જેના લીધે પીક અવર્સમાં ટ્રાફિક જામના દ્રશ્યો પણ હવે શાંત ગાંધીનગરમાં સહજ બની ગયા છે. ન્યુ ગાંધીનગર વિસ્તાર પણ વિકસિત થતા એસ જી હાઈવેને પણ અપગ્રેડ કરાયો છે. આ ઉપરાંત જિલ્લાના માર્ગોનુ પણ નવિનીકરણ કરવામાં આવી રહ્યુ છે. આ સ્થિતિ વચ્ચે સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં વિકાસના અનેક વિધ પ્રોજેક્ટસ અન્વયે કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ સ્માર્ટ સીટીમાં હજુ સુધી પાર્કીંગ વ્યવસ્થાનો અભાવ વર્તાય છે. એકબાજુ શહેરીજનોમાં પાર્કીંગ સેન્સનો પણ અભાવ છે. બીજીતરફ શહેરમાં સ્થિત વિવિધ સરકારી કચેરી અને કોર્મશિયલ કોમ્પલેક્ષો પાસે પાર્કીંગ સુવિધાના નામે મીંડુ જોવા મળે છે. તંત્ર દ્વારા અગાઉ નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ પર લારી ગલ્લાના દબાણા અસ્તિત્વમાં આવતા કરોડોના ખર્ચ નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસનો કોઈ હેતુ સરતો નથી. બીજીતરફ પાર્કીંગ પ્લેસની પેટર્ન પણ સમસ્યાઓ ઉભી કરે તે મુજબની છે. પાર્કીંગ પ્લેસની ડીઝાઈન પણ વાહનો પાર્ક કરવા માટે સાનુકુળ ન હોવાથી ટ્રાફિક જામ માટે કારણભુત બને છે. આ ઉપરાંત વરસાદી સિઝનમાં પણ નિચાણમાં ગરકાવ થયેલા પાર્કીંગમાં પાણીનો ભરાવો થાય છે. આ સ્થિતિ વચ્ચે પાર્કીંગની ક્ષમતા પણ ઓછી હોવાથી સેકટરોમાં મુલાકાતીઓએ માર્ગ વચાળે વાહનો મુકી દેવાની ફરજ પડે છે. અનેકવિધ વિકાસ કામોના અંતે પણ શહેરમાં મુખ્ય કોર્મશિયલ વિસ્તારોમાં પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થા નથી જેના લીધે માર્ગ સલામતી પણ જોખમાઈ છે. શહેરમાં અગાઉ સે-૧૬, સે-૬ અને સે-૧૧ માં પાર્કીંગ પ્લેસ તૈયાર કરાયા હતા જો કે આ પાર્કીંગના સ્થાને મોટાભાગે દબાણોનો અડ્ડો હોવાથી મુલાકાતીઓને વાહન પાર્ક કરવા માટે ક્યારેક જ ઉપયોગી બને છે. બીજીતરફ વરસાદી દિવસોમાં આ પાર્કીંગના સ્થાને પાણી ભરાઈ જતા વાહનચાલકોને હાલાકી વેઠવી પડે છે. આ સ્થિતિને અનુલક્ષી કોર્પોરેશન કક્ષાએથી સે-૬માં પાર્કીંગને યોગ્ય કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત સે-૧૬ માં પણ પાટનગર યોજના ભવન પાછળના સર્વિસ રોડ પર વરસાદી દિવસોમાં પાણી ભરાઈ જતા પાર્કીંગનુ લેવલ ઉંચુ કરવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે સે-૧૧ માં પણ એક જ લાઈનમાં વાહનો પાર્ક થઈ શકે તે મુજબની પેટર્ન પર પાર્કીગની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવશે જેથી વધુ વાહનો પાર્ક થઈ શકે આ ત્રણેય ઠેકાણે પાર્કીંગની સુવિધા અપગ્રેડ કરવા માટે તેમજ વાહનચાલકોને પાર્કીંગ માટે સરળતા રહે તે મુજબની ડીઝાઈનના આધારે પાર્કીંગમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

## ૧૫ ટકાનો વધારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કર્મચારીઓને ૧૫ ટકાનો વધારો આપવામાં આવ્યો . તેમાં ડેપ્યુટી કેટર મેનેજર , ડીગ્રીધારક સર્વેયર આસિસ્ટન્ટ ટુ પ્લાનીંગ આસિસ્ટન્ટ તેમજ ડિપ્લોમાધારક સર્વેયરનો સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે વય નિવૃતિ બાદ કરાર આધારિત નિમણુંક પામેલા અધિકારી કર્મચારીઓના કિસ્સામાં તેમને મળતા માસિક એકત્રિત વેતનમાં સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ આધારે વધારો કરવામાં આવ્યો છે. વય નિવૃતના કિસ્સામાં સાતમા પગાર પંચ મુજબના બેઝિક પગારના ૩૫ ટકા મુજબ અથવા ૧૯૫૦૦ પૈકી જે વધારે હોય તે મજુબ ગણથરી કરીને વધારો માન્ય કરવામાં આવ્યો છે. જે ઔડાન ધોરણો મુજબ છે. જેમાં જુનિયર નગર નિયોજક , સુપરવાઈઝર, એસ્ટેટ, સિનિયર કલાર્ક ઈન્ફ્રા અને સિનિયર કલાર્ક વહીવટ તથા ઓટોકેડ ઓપરેટરનો સમાવેશ પણ થાય છે. આ ઉપરાંત ડ્રાઈવર અને પટાવાળાને ૧૬૨૨૪નો પગાર ઔડાના ધોરણે નિયત કરીને એજન્સીને પી એફ તથા ટેકસ કાપીને પગાર ચુકવવાની શરતે આ વધારો મંજુર કરવામાં આવ્યો છે. રાજય સરકારના વિવિધ વિભાગો અને કચેરીઓમાં આઉટસોર્સ એજન્સી મારફતે લેવામાં આવતી સેવા અને મેનપાવર માટે લાગુ પડતા લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળ સમાવિષ્ટ વ્યવસાયો અંગે ડિસેમ્બર ૨૦૧૪થી લઘુત્તમ વેતનના દરો લાગુ પાડવા નિર્ણય લેવામાં આવ્યો હતો. જે મુજબ દર છ મહીને ખાસ ભથ્થામાં વધારો કરવામાં આવે છે. આ અનુસાર ગુડા દ્વારા આઉટસોર્સ કર્મચારીઓને ડિસેમ્બર ૨૦૨૦માં ખાસ ભથ્થામાં રૂ ૫૨૦ નો વધારો ચુકવવામાં આવ્યો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

## વેક્સિન લેવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

એ સુનિશ્ચિત કરવામાં આવે કે, આધાર ન હોવાના કારણે કોઈ પણ વ્યક્તિ વેક્સિનેશનથી વંચિત ન રહી જાય. હકીકતે આ મામલે સુપ્રીમ કોર્ટમાં એક અરજી થઈ હતી. તેના અંતર્ગત કહેવામાં આવ્યું હતું કે, કોવિન એપ પર ફક્ત આધાર કાર્ડને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. અરજીકર્તાની ફરિયાદ હતી કે, આધાર કાર્ડ ન હોવાના કારણે તેમને વેક્સિનથી વંચિત રાખવામાં આવ્યા. સ્વાસ્થ્ય મંત્રાલયે સુનાવણી બાદ પ્રમુખ સચિવને એક પત્ર લખ્યો છે જેમાં મહારાષ્ટ્રમાં ખાનગી વેક્સિનેશન કેન્દ્ર વિરૂદ્ધ કાર્યવાહી કરવા કહેવામાં આવ્યું છે જેમણે માન્ય પાસપોર્ટ આઈડી રજૂ કરવા છતાં અરજીકર્તાને વેક્સિનેશનથી વંચિત રાખ્યો.

## ખતમ થવાના

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહેવાની છે. કેમ કે ઘણી મોટી વસતીમાં કોવિડ મહામારીની સામે પ્રતિરક્ષા આવી ગઈ છે. જો વધુ એક વેરિઅન્ટ પણ સામે આવે છે તો પણ તેનો પ્રભાવ યુરોપીય દેશો પર ઓછો થશે, પરંતુ તે માટે જરૂરી શરત એ છે કે યુદ્ધ વિરામના આ સમયમાં આપણે ઘણી ઝડપથી રસીકરણને આગળ વધારીશુ.

## મોંઘવારી મુદ્દે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્ગને ઘરે-ઘરે રાશન પહોંચે તેવી મજબૂત વ્યવસ્થા ભાજપ સરકારે કરી હતી. ભારતના જ વૈજ્ઞાનિકોએ કોરોનાની અકસીર રસીનું સંશોધન કરી માત્ર ૧૧ મહિનામાં જ ૧૭૦ કરોડ ડોઝ દેશવાસીઓને અપાયા છે. આ માત્ર દેશની ઐતિહાસિક ઘટના નથી પરંતુ વિશ્વએ સ્વીકારેલી વાત છે. અને સમગ્ર વિશ્વમાં ભારતની બંને વેક્સિનને માન્યતા મળી છે. આ વેક્સિનેશનમાં પણ કોંગ્રેસ સહિતના વિપક્ષોએ શંકા-કુશંકા કરવામાં અને પ્રજાને ગેરમાર્ગે દોરવામાં કોઈ કચાશ રાખી નથી એવું કહેતા પણ મને શરમ આવે છે.

## ગુસ્સામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાગવતે કહ્યું કે આ હિન્દુ રાષ્ટ્ર બનાવવા વિશે નથી. તમે તેને માનો કે ન માનો, આ હિન્દુ રાષ્ટ્ર છે. તેમણે કહ્યું કે સંઘ લોકોને વિભાજીત કરતું નથી. પરંતુ મતભેદો દૂર કરે છે અને અમે આ હિન્દુત્વનું પાલન કરીએ છીએ. અત્રે જણાવવાનું કે ગત વર્ષ ડિસેમ્બરમાં હરિદ્વારમાં આયોજિત ધર્મ સંસદમાં મુસ્લિમો વિશે આપત્તિજનક ટિપ્પણી કરાઈ હતી અને રાયપુરમાં મહાત્મા ગાંધી વિશે અમર્યાદિત ટિપ્પણી થઈ હતી. સંઘ પ્રમુખ મોહન ભાગવતે રવિવારે ૨૦૧૮માં સંઘના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને આમંત્રણ આપવા અંગેનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે જ્યારે તેઓ મુખર્જીને આમંત્રિત કરવા માટે તેમને મળવા ગયા તો ’ઘર વાપસી’ના મુદ્દે ખુબ તૈયારી કરીને ગયા હતા. ભાગવતે કહ્યું કે તે સમયે ’ઘર વાપસી’ના મુદ્દે સંસદમાં પણ ખુબ હોબાળો થયો હતો અને બેઠક દરમિયાન મુખર્જી દ્વારા પૂછાયેલા કોઈ પણ સવાલનો જવાબ આપવા માટે તેઓ તૈયાર હતા. ભાગવતે કહ્યું કે જ્યારે તેઓ મુખર્જીને મળવા માટે ગયા તો તેમણે આ મુદ્દે જવાબ આપવાની કોઈ જરૂર જ ન પડી.

## અદ્દભૂત નજારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમના દ્વારા તમે બંને ગ્રહોને ઓળખી શકશો. જો તમને ખબર નહીં હોય કે તમે કઈ એપ દ્વારા ગ્રહો શોધી શકશો તો તમને તેના વિશે પણ માહિતી આપ્યે. મોબાઈલ પર તમે આ એપ્સ ડાઉનલોડ કરી શકો છો અને આ ગ્રહોને જોઈ શકો છો. આમાં અનેક પ્રકારની એપ્સ સામેલ છે. સ્કાયવ્યૂ લાઈટ, સ્ટાર ટ્રેકર અને સ્ટાર વોક ૨ જેવી એપ્સ ડાઉનલોડ કરો અને તરત જ પકડી લો કે આકાશમાં કયો તારો શુક્ર છે અને મંગળ કયો છે?